### અમરેલી જિલ્લા દુધ ઉત્પાદક સંઘ સંચાલિત અમર ડેરી દ્વારા શ્રી અશ્વિનભાઇ સાવલીયાના માર્ગદર્શન નીચે

# અમરેલીમાં ભોજલરામ મંદિરે સત્યનારાયણની કથા યોજાઇ

**પુજ્ય ભોજલરામબાપાની જન્મજયંતિની પુર્વ સંધ્યાએ નાગનાથ મંદિર પાસે આવેલ ભોજલરામ મંદિરે શ્રી સત્યનારાયણ ભગવાનની કથામાં ભાવિકો ઉમટ્યાં**

**શ્રી અશ્વિન સાવલીયા, ડો.આર.એસ.પટેલ, શ્રી નારણભાઇ કાછડીયા, શ્રી દિનેશભાઇ પોપટ, શ્રી બિપીનભાઇ જોષી, શ્રી ચંદુભાઇ રામાણી, શ્રી મનીષ ધરજીયા, શ્રી રામજીભાઇ કાપડીયાની ઉપસ્થિતિ**





અમરેલી,

અમરેલીમાં ભોજલરામ મંદિરે નાગનાથ પાસે ભોજલરામ બાપાની ૨૩૯ મી જન્મ નીમીતે સત્ય નારાયણની કથા યોજાઈ હતી. સાંજના ૬-૩૦ કલાકે અમર ડેરી દ્વારા સત્ય નારાયણ ભગવાનની કથામાં અમરડેરીના ચેરમેનશ્રી અશ્વિનભાઈ સાવલીયા, વાઈસ ચેરમેનશ્રી મુકેશભાઈ સંઘાણી, એમ.ડી. ડો. આર.એસ. પટેલ તથા જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખશ્રી દિનેશ પોપટ, સાંસદ શ્રી નારણભાઈ કાછડીયા, શ્રી પિયુષભાઈ શુક્લ, શ્રી કમલેશ કોરાટ, શ્રી ભાવેશ સોઢા, શ્રી ધીરુભાઈ વાળા, શ્રી બીપીનભાઈ જોશી, શ્રી રામજીભાઈ કાપડિયા, શ્રી રાજેશ માંગરોળીયા, શ્રી પ્રવીણ માંગરોળીયા, શ્રી ચંદુભાઈ રામાણી, શ્રી મનીષ ધરજીયા, પ્રતાપરાના સરપંચ શ્રી ગુણવંતભાઈ સાવલિયા શ્રી હરિભાઈ કાબરીયા શ્રી ચિરાગ માલવિયા સહિત આગેવાનો, ભાજપ કાર્યકરો અને શહેરનાં ભાવિકજનો ઉપસ્થિત રહ્યાં હતાં અને દર્શન, પ્રસાદનો લાભ લીધો હતો.

---

**લોકસભા ચુંટણીમાં રાજકોટની બેઠકમાં પેઇડ ન્યુઝ અંગે નિર્ણય સામે**

## રાજકોટ લોકસભાનાં કોંગ્રેસનાં ઉમેદવાર શ્રી પરેશ ધાનાણી દ્વારા થયેલ અપીલને કારણે હુકમ રદ્દ કરવાનો નિર્ણય

**શ્રી પંકજ કાનાબારની અસરકારક દલીલોથી અધિક રાજ્ય સ્તરીય એમસી અને મુખ્ય ચુંટણી અધિકારીએ આપેલો ચુકાદો**

અમરેલી,રાજકોટ લોકસભા મત વિસ્તારનાં કોંગ્રેસ, આપનાં ઉમેદવાર શ્રી પરેશ ધાનાણી રાજકોટમાં ચુંટણી લડતા હતા ત્યારે પેઈડ ન્યુઝ અંગે નોટીસ અપાતા શ્રી ધાનાણીનાં સહયોગીઓ શ્રી પંકજભાઈ કાનાબાર દ્વારા ચુંટણી પંચનાં નિર્ણય સામે અપીલ દાખલ થયેલી. તે અપીલ ચુંટણી પંચ સમક્ષ ચાલી જતા શ્રી પંકજભાઈ કાનાબાર કે જેઓ શ્રી પરેશ ધાનાણીનાં ચુંટણી એજન્ટ હતાં તેમના દ્વારા સ્ટેટ લેવલે એમસી એમસી દાખલ કરવામાં આવેલી તે અપીલ ગ્રાહ્ય રાખવામાં આવી છે તથા જિલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટર આટકોટનો તા.૧૩-૫-૨૪નો હુકમ રદ કરવા મુખ્ય નિર્વાચન અધિકારી પી.ભારતીએ હુકમ કર્યાનું જણાવ્યું છે.

## વાવાઝોડામાં અમરેલી તાલુકાનાં ખેડુતોને વળતર ચુકવવા શ્રી મનીષ ભંડેરીની માંગણી

અમરેલી, તાજેતરમાં જ અમરેલી તાલુકામાં કમોસી વરસાદ અને વાવાઝોડાથી અમરેલી તાલુકાનાં ખેડુતોને ઉનાળુ પાકમાં વ્યાપક નુક્શાની વેઠવાનો વારો આવ્યો છે અને ગ્રામ્ય વિસ્તારમાં લોકોનાં કાચા મકાનોને પણ મોટા પાયે નુક્શાની વેઠવાનો વારો આવ્યો છે અને ગ્રામ્ય વિસ્તારમાં લોકોનાં કાચા મકાનોને પણ મોટા પાયે નુક્શાની થઈ છે તો ગુજરાત રાજ્ય સરકાર ખેડુતો અને લોકો પ્રત્યે સંવેદના દાખવીને કુદરતી આફતરૂપી કમોસમી વરસાદ અને વાવાઝોડાથી થયેલ નુક્શાનીમાંથી ખેડુતો અને લોકોને ઉગારવા માટે તત્કાળ સર્વે કરાવી અને નુક્શાનીનું વળતર ચુકવવા માટે આપની કક્ષાએથી આદેશ આપવામાં આવે તેમ અમરેલી તાલુકા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ શ્રી મનીષ ભંડેરીએ જણાવ્યું છે.

---

**આને પુજ્ય ભોજલરામ બાપાનો ચમત્કાર જ કહી શકાય**

## છેલ્લા ૨૫ વર્ષથી ફતેપુરમાં વિનામુલ્યે તાજો શેરડીનો રસ ભાવિકોને નિયમિત મળે છે

**પરંપરાગત સ્વયંભુ સેવાને દર વર્ષની જેમ ખુલ્લી મુકતા અમર ડેરીનાં ચેરમેનશ્રી અશ્વિન સાવલીયા અને પુજ્યશ્રી ભક્તિરામબાપુ**



અમરેલી,અમરેલીનાં ફતેપુર ગામે દર વર્ષે સંત મહાત્મા શ્રી ભોજલરામ બાપાની જન્મજયંતિ નિમિતે દેશ અને દુનિયામાંથી ભાવિકો ઉમટી પડે છે. અહીં ધાર્મિક કાર્યક્રમો સાથે આરોગ્ય સેવાકીય કાર્યક્રમોમાં દેશ અને દુનિયાના ભાવિકો દર્શન પ્રસાદનો લાભ લે છે. દર વર્ષે લાખોની મેદની પોતાની શ્રધ્ધા વ્યક્ત કરવા અહીં આવે છે. તેમાં સંસ્થા ઉપરાંત ગ્રામજનોએ પણ સેવામાં પાછુ વાળીને ક્યારેય જોયું નથી. દર વર્ષે ભોજલરામ જયંતિ મહોત્સવની પુર્વ તૈયારીઓ થાય છે. પણ મહત્વની વાત એ છે કે, ફતેપુર ગામે ભોજલરામ જયંતિ નિમિતે ચાંપાથળનાં મધુભાઈ ખુંટ, જેશીંગપરાનાં શ્રી પરેશભાઈ પટોળીયા, રસીકભાઈ અને રામ ભરોસે એવા કેટલાય અનામી વ્યક્તિઓ દ્વારા વિનામુલ્યે શેરડી પહોંચાડવામાં આવે છે અને આ ટીમ તે શેરડીનો રસ પુજ્ય ભોજલરામ બાપાનાં પ્રાગટ્ય દિવસનાં આગલા દિવસથી કાઢવાનું શરૂ કરી દે છે. આજે પ્રાગટ્ય પર્વે વિનામુલ્યે ભાવિકોને જેટલો જોઈએ તેટલો રસ અહીં પીવા મળશે. એક જ દિવસમાં ૪૦૦ થી ૫૦૦ મણ શેરડી અહીં પીલાઈ છે. આ સેવા છેલ્લા ૨૫ વર્ષથી સતત ચાલી આવે છે. તેને પુજ્ય બાપાનો ચમત્કાર કહીં શકાય અને તેમાં સમર્થન એ માટે આપીએ કે આ માટે અમરેલી આસપાસ શેરડી ન હતી તો છેક ભાવનગરથી શેરડી આવી હતી. પરંપરાગત રીતે અમર ડેરીનાં ચેરમેન શ્રી અશ્વિન સાવલીયાએ તથા પુજ્ય ભક્તિરામબાપુએ આ સેવાનો બુધવારે શુભારંભ કરાવ્યો હતો.

---

## અમરેલીનાં તરવડામાં ભત્રીજીને બદકામના ઇરાદે અપહરણ કરી લઇ ગયાની અરજી કરી

**અમરેલીનાં એસપી શ્રી હિમકરસિંહને અરજી પાઠવી રજુઆત**

અમરેલી,

અમરેલીનાં તરવડા ગામે રહેતા દલીત ગૃહસ્થની ભત્રીજીને ગેરકાયદે બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી જ્ઞાતી પ્રત્યે હડધુત કરી ગાળો આપ્યાની અરજી અમરેલીનાં એસપીને પાઠવી જણાવ્યું છે કે, મારા મોટા ભાઈ તરવડા રહે છે અને તેમને ચાર સંતાનોમાં ત્રણ દિકરી એક દિકરો છે. મોટી દિકરી ૨૨ વર્ષની છે. ગત તા.૧૫-૫-૨૪નાં રોજ મારી ભત્રીજીને અમરેલીનાં ચાંદની ચોકમાં રહેતો મહમદ રફીક અલી નાગાણી નામો શખ્સ તથા અન્ય એક અજાણ્યો શખ્સે બદકામના ઈરાદે અપહરણ કરી મારા મમ્મી તથા ભાભીને પણ અપમાનીત કરી અયોગ્ય વર્તન કર્યા અંગે અમરેલીનાં એસપીને અરજી પાઠવી રજુઆત કરી છે અને પગલા લેવા માંગણી કર્યાનું જણાવ્યું છે.

## રાજુલામાં અવધ ટાઇમ્સનાં શ્રી પ્રતાપ મકવાણાનાં નિવાસ સ્થાને પધરામણી કરતા આઇશ્રી દેવલમા



રાજુલા, રાજુલા ખાતે આદિત્ય ફાર્મ હાઉસમાં આઈ શ્રી દેવલ માં પધારતા રાજુલા તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી સભ્ય અને અવધ ટાઈમ્સ પરિવારનાં શ્રી પ્રતાપભાઈ મકવાણા પરિવાર દ્વારા દર્શન અને આશીર્વાદ નો લાભ માણ્યો હતો.

---


POLO PLUS પોલો પ્લસ CONTAINERS

અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં
શ્રેષ્ઠ પ્રોડકટ બનાવીએ છીએ...

100 - 150 200 - 300 લીટર માં ઉપ્લબ્ધ
૧૦૦% ફુડ ગ્રેડ મટીરીયલ્સ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપ્લબ્ધ
9 YEAR WARRANTY
14 વર્ષ ની ગેરંટી

વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬



**નામ બદલાવેલ છે**

જુનુ નામ : કવા નિશાંતકુમાર વસંતલાલ

નવુ નામ : કવા નિશાંત વસંતલાલ

સરનામું : શ્રીનાથજી કોમ્પલેક્ષ, ઉના, જુનાગઢ, ગુજરાત - ૩૬૨૫૬૦



NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli

હવે જરૂરી બધી જ સારવાર મળી રહશે આપણી ગોળ હોસ્પિટલ અમરેલીમાં.....
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 9978966629 , 9904593355

ન્યૂરો અને સ્પાઇન સર્જન – ડો. પ્રતિક પટેલ – દર મહિનાના ત્રીજા બુધવારે મળશે – સમય : સવારે 11 થી 1

ન્યૂરો ફિઝિશિયન – ડો. હિરલ શેઠ – દર મહિનાના ચોથા શુક્રવારે મળશે – સમય : સવારે 10 થી 12

નેફ્રોલોજીસ્ટ – ડો. જીગર શ્રીમાળી – દર મહિનાના ચોથા ગુરુવારે મળશે – સમય : સવારે 11 થી 1

કાર્ડિયોલોજીસ્ટ – ડો. અભિષેક રાવળ – દર મહિનાના ચોથા ગુરુવારે મળશે – બપોરે : સવારે 1 થી 2

આંખના પડદા ના નિષ્ણાંત – ડો. આશિષ ખોડીફાડ – દર મહિનાના ચોથા બુધવારે મળશે – સમય : સવારે 11 થી 12

નેફ્રોલોજીસ્ટ (કિડની રોગના નિષ્ણાંત ) – ડો. પ્રિતિશ શાહ – દર મહિનાના ત્રીજા મંગળવારે મળશે – સમય : સવારે 10:30 થી 12



**શ્યામ આંખની હોસ્પિટલ**

ડો. કપિલ બી. વરૂ (M.S.)
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત

૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી

અહીં ઉપલબ્ધ સારવાર :

- અતિ આધુનિક ફેકો મશીન પધ્ધતિથી ઇન્જેક્શન, ટાંકા તેમજ પટ્ટી વગર મોતિયાના ઓપરેશન
- ઓપરેશન પછી ફક્ત ૧૦ મીનીટમાં રજા તમામ પ્રકારના જટિલ મોતીયા તથા બાળકોના મોતિયાના ઓપરેશન
- તમામ પ્રકારના મોનોફોકલ, મલ્ટિફોકલ, ટોરિક જેવા પ્રિમિયમ નેત્રમણી (LENS) સાથેના ઓપરેશન
- વેલનું અતિ આધુનિક રીતે પ્લાસ્ટીક સર્જરી દ્વારા ટાંકા વગરનું ઓપરેશન
- અધતન મશીન દ્વારા આંખના નંબરની તપાસ તથા પાંપણના ઓપરેશન
- કીકીને લગતા તમામ રોગોની સારવાર, ઝામર તેમજ ઝામર સાથે મોતિયાના ઓપરેશન
- ડાયાબિટીસ તેમજ બી.પી.ના દર્દીઓને આંખના પડદામાં થતા નુકશાનની સચોટ તપાસ તેમજ સારવાર
- ઇમ્પોટેર્ડ લેસર મશીનથી છારી ઉતારવાની સુવિધા

-: સ્થળ :-

-: અમરેલી :- સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦

-: રાજુલા :- શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦



**એડમિશન ચાલુ છે**

ધો. ૧૦ અને ૧૨ પછી સરકારી નોકરી અપાવતા કોર્ષ

- SI • ફાયર સેફ્ટી
- ANM • GNM
- BSC • PBSC
- D.PHARM

sc st વિદ્યાર્થી ને સ્કોલરશીપ

ધો.૧૦ ૧૨ નાપાસ વિદ્યાર્થી NIOS બોર્ડમાં પરીક્ષા આપી ઉજ્જવળ ભવિષ્ય બનાવો

વધુ માહિતી માટે
લક્ષ્ય એજ્યુકેશન અમરેલી
૭૦૪૩૮ ૧૯૯૫૬
lakshyaeducationamreli@gmail.com
https://lakshyaeducation.org.in/
LAKSHYA EDUCATION
અમરેલી, ભાવનગર, ગાંધીનગર, જુનાગઢ, અમદાવાદ



LG Life's Good.
Happiness Comes Home
EXCLUSIVE OFFERS
Fixed EMI 1999/-*
Up to 5%* Cash Back Max. up to 2000/-*
*T&C Apply
LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377



**અમરેલીમાં મકાન વેચવાનું છે**

અમરેલીના સુખનાથપરામાં તાત્કાલિક કસમાં પોણા વસાનું 2BHK ટોટલ માર્બલ ફ્લોરવાળુ Duplex મકાન ફિક્સ ફર્નિચર સાથે વેચવાનું છે

સંપર્ક ડો.મિહીર ગણાત્રા
મો.૬૩૫૯૯ ૩૦૨૦૨, ૭૦૧૬૮ ૫૬૧૬૮



“શ્રી ક્રિષ્ના પેસ્ટ કન્ટ્રોલ”
ઉધઇ થી બચો
ઉધઇ ની ટ્રીટમેન્ટ કરી આપનાર
ભાવેશભાઇ - મો. ૯૯૨૫૭ ૫૦૩૪૧



અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧



**મોકાની દુકાન વેચવાની છે**

અમરેલીમાં ટાવર રોડ ઉપર પરમાનંદ માર્કેટમાં સોની ભાઇઓને અતિ ઉપયોગી એવી અતિ મોકાની દુકાન કસમાં વેચવાની છે

-:: સંપર્ક ::-
મો.૯૮૯૮૨ ૪૮૭૮૯



પાસપોર્ટ ફોટા ફક્ત રૂપીયા ૩૦ માં ૩૨ કોપી બધી મોટી સાઇઝ
૧૨ X ૧૮ ની સાઇઝનો ફોટો ફ્રેમ સહિત માત્ર ૩૦ મીનીટમાં
**શ્રી ખોડિયાર સ્ટુડિયો**
લીલીયા રોડ, ભીડભંજન મંદિરની સામે, અમરેલી
મો.૯૪૨૯૧ ૩૯૭૫૬



ત્રણ દાયકા જુના અને નિષ્ણાંત કુક
**શ્રી નિવાસ ડાઇનિંગ હોલ**
નું જમવાનું તો ભાઇ.. ભાઇ..
ફુલ ગુજરાતી થાળી
સવારનાં ૧૦:૩૦ થી બપોરનાં ૩:૦૦ સુધી મળશે
જેમાં બે શાક, એક કઠોળ, દાળ-ભાત, સંભાર (ઘર જેવુ જ જમવાનું) અમીનો ઓડકાર
સ્થળ : શ્રી નિવાસ ગેસ્ટ હાઉસ
રાજકમલ ચોક, અમરેલી મો.૯૪૨૬૪ ૩૮૩૫૬



**અમરેલીમાં પ્લોટ વેચવાનો છે**

ચક્કરગઢ રોડ, કાનાણીની વાડી પાસે, અક્ષર બંગ્લોઝની બાજુમાં, ૨૦ X 33 ની સાઇઝનો રોડ કાંઠાનો મોકાનો પ્લોટ કસમાં વેચવાનો છે

-:: સંપર્ક ::-
મો.૯૫૧૦૩ ૩૬૮૮૯

### અમરેલીનાં ફતેપુરમાં ધરમની ધુણી ધખાવી હતી તેવા સમર્થ સંત શ્રી ભોજલરામબાપાની આજે જન્મજયંતિ નિમિતે

# ફતેપૂરમાં આજે ભોજલરામ જન્મોત્સવમાં ત્રિવેણી સંગમ સર્જાશે

**શ્રી ભોજલરામ યુવા સેવા સંગઠનના ૨ હજાર સ્વયંસેવકોએ જન્મોત્સવની કામગીરી સંભાળી**

**ભોજા ભગતના સ્મૃતિચિન્હોનું પુજન, ધર્મસભા, ધ્વજારોહણ, ભવ્ય લોકમેળો, રકતદાન કેમ્પ, રકતતુલા, ભજન સંતવાણી સહિતનાં કાર્યક્રમોનું આયોજન**

**સંતો મહંતો, મહાનુભાવોની ઉપસ્થિતિમાં લોક ડાયરાની રમઝટ : ભજન, ભોજન ભક્તિની આહલેક જાગશે**






અમરેલી,

''ભોજલધામ' અમરેલી જીલ્લાના ફતેપુર ગામે પ્રાતઃસ્મરણીય પૂજય ભોજલરામ બાપાની ૨ઃ૩૯ મો પ્રાગટય મહોત્સવ વૈશાખી પુર્ણિમાના પાવન દિને તા.૨૩/૫/૨૦૨૪ને ગુરૂવાર ના રોજ 'શ્રી ભોજાભગત ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી ધામધૂમથી ઉજવવામાંઆવશે.ધરમના ધામ તણાં આ 'ભોજલધામ' માં દર વર્ષે પૂજય ભોજલરામ બાપાનો પ્રાગટય મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાઈ છે વિદેશના લાખો ધર્મપ્રેમીશ્રધ્ધાળુઓનેપ્રેમ,ભક્તિઅનેશ્રધ્ધાનો પ્રસાદચખાડેછે.આમહોત્સવમાંમુંબઈ,વાપી, સુરત,અમદાવાદ,રાજકોટ,ગોંડલ,જૂનાગઢ, જામનગર, તથા અમરેલી જીલ્લાના ઉદ્યોગપતીઓતથાઆગેવાનોઅનેસતીમહંતો ખાસ હાજરી આપશેપૂજય ભોજલરામ બાપાનો ૨૩૯ મો પ્રાગટય મહોત્સવના કાર્યક્રમમાંદરવર્ષનીજેમપ્રભાતે૬ઃ૦૦કલાકે પૂ. સ્મૃતિચિન્હોનુંપૂજન,સવારના૮ઃ૩૦કલાકે રક્તદાન કેમ્પનું ઉધ્ધાટન, સવારે ના ૯ઃ૦૦ કલાકે ફુલ સમાધિ પર ધ્વજારોપા, સવારે ના ૯-૩૦ કલાકે નેત્રનીદાન કેમ્પનું ઉચ્ચાટન, બપોરના ૧૨ઃ૦૦ કલાકે ભોજન પ્રસાદ, સાંજના૫ઃ૦૦કલાકેધર્મસભાજેમાપ.પુ.શ્રી વિજયબાપુ-મહંતશ્રી સતાધાર, પ.પૂ. શ્રી લવજીબાપુ-ખોડીયાર મંદિર-નેસડી, પ.પૂ. મહંતશ્રી વજલાલબાપુ- વાલમરામધામ-ગારીયાધાર, પ.પૂ. શ્રી જેરામબાપુ-આપાગીગાની પ.પુ. નરેશદાદા ત્રિવેદી-કથાકાર-સુરત,પ.પુ.શ્રીબાબુરામબાપુ-ઘના ભક્તની જગ્યા-ધોળા, પ.પૂ. શ્રી રાધાકૃષ્ણ શાસ્ત્રી-કથાકાર-રામપર, પ.પૂ. શ્રી શંકર મહારાજ-રાજકોટ વિગેરે સંતો મહંતો હાજરી આપશે તથા દિવ્ય વાણીનો લાભ આપશે ત્યાર બાદ સાજના ૮ઃ૩૦ ભોજન પ્રસાદ લિધા બાદ રાત્રીના ૯ઃ૦૦ કલાકે ભજન સંતવાણી જેમા પ્રસીધ્ધ કલાકારો-મનસુખભાઈ વસોયા, અપેક્ષાબેન પંડયા, પીયુશભાઈ મીસ્ત્રી, સ્મૃતીબેન પટેલ વાળા, મીહીરભાઈ પટેલ સંતવાણીનો લાભ આપશે.સવારના ૯ થી બપોરના ૧૨ તથા બપોરના ૨ થી સાંજના ૫ કલાક સુધી કથાકાર શ્રી શંકરમહારાજ કથાકારના દિવ્ય સ્વરમાં 'ભોજલ જ્ઞાન કથા' જેમા સંતશ્રી પુ. ભોજલરામબાપાના જીવન ચરીત્રનાપાવનપ્રસંગતથાજલારામબાપાતથા વાલમરામબાપા ના જીવનમાં ગુરુ મહીમાંના પ્રસંગોને પણ વણી લેવામાં છે.પૂજય ભોજલરામ બાપાના પ્રાગટય મહોત્સવના પાવન અવસરે અનોખો સેવાયજ્ઞ 'રકતદાન કેમ્પ'નુ આયોજન કરવામાં આવેલ છે. (જેમાં દરેક રક્તદાતા ભાઈઓ તથા બહેનોને આકર્ષક ભેટ પ્રસાદી રૂપે આપવામાં આવશે.) ૧,૦૦, ૦૦૦ ૫નફુટ ગુલાબી પથ્થર અને શ્વેત આરસના સંયોજન થી પૂ. ભોજલરામ બાપા ના ભવ્ય તથા દિવ્ય મંદિર ૨૦૨૫ની સાલમાં પુર્ણ સાંજના ૫ઃ૩૦ કલાકે આ વર્ષના મંદિર નિર્માણના મુખ્ય દાતાની ભવ્ય સાકર તુલ્લા થશે. દર વર્ષની માફક ગામે ગામ બનેલ શ્રી ભોજલરામ યુવા સેવા સંગઠનના ૨૦૦૦ ભાઈ ભહેનો ભોજન-પ્રસાદ તથા ચા-પાણીની કામગીરી સંભાળશે. આ શુભ પ્રસંગે દર વર્ષની માહક શ્રેષ્ઠ ધર્મોપદેશકોના પ્રવચનો તથા રાત્રીના ભજન/ સંતવાન્ની તથા લોકસાહિત્ય રજુ થશે. આ સહપરિવાર મિત્રમંડળ સહિત ધર્મલાભ લેવાનું જાહેર નિમંત્રણ (ભોજલધામ) મહંતશ્રી ભક્તિરામબાપુ આપે છે.

### કાળઝાળ ઉનાળામાં પીવાના પાણીની મુશ્કેલીઓ દુર કરવા માટે શ્રી કસવાલા પ્રયત્નશીલ

# સાવરકુંડલા, લીલીયાનાં ગામોમાં નર્મદાનું પાણી વધારો: શ્રી કસવાલા

**ધારાસભ્યશ્રી મહેશ કસવાલાએ પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઇ બાવળીયાને કરેલી રજુઆત : પક્ષપાતી વાલ્વમેનોને જિલ્લા બહાર મુકો**



સાવરકુંડલા,

સાવરકુંડલા-લીલીયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં હાલ ઉનાળાની સિઝનમાં પિવાના પાણીની તંગી ખુબજ મોટા પ્રમાણમાં ઊભી થયેલી જણાય રહી છે ત્યારે ગ્રામીણ ગામડાઓમાં નર્મદાના પાણી સાથે વાલમેનો ના પક્ષપાતી વલણ સામે પણ ધારાસભ્ય મહેશ કસવાળા લાલઘૂમ થયા છે ને આવા વાલમેનોને જિલ્લા મૂકવા સુધીની લેખિત રજૂઆતો ધારાસભ્ય કસવાળાએ ગ્રામીણ ગામડાઓમાં પીવાની પાણીની મુશ્કેલીઓ દૂર કરવા અંગેની જરૂરી રજૂઆતો તંત્રના બાબુ અને મંત્રીશ્રીને કરી છે. લીલીયા તાલુકો ખારાપાટ વિસ્તાર હોઈ સ્થાનિક પીવાના પાણીનો કોઈ સ્ત્રોત ઉપલબ્ધ નથી ફકત નર્મદાના પાણી આધારીત પીવાનું પાણી મળે છે પરંતુ ગરમીના પ્રકોપના કારણે પાણીની જરૂરીયાત વધતા ગામોમાં પણ પાણીની તંગી ઉભી થયેલ હોવાની ફરિયાદો મળી રહી છે જયારે સાવરકુંડલા તાલુકાના ઉપ ગામો પણ ખારાપાટ વિસ્તારમાં આવેલ હોઈ ત્યા પણ કોઈ સ્થાનિક સ્ત્રોત નથી અને બાકીના ગામો ડુંગરાળ વિસ્તારના હોઈ ત્યાં પાણીના તળ ખુબજ ઉંડા ગયેલ છે અને કુવા તેમજ બોરમાં પાણી હાલ ઉપલબ્ધ નથી તેમા નર્મદાનું પાણી હાલ આપવામાં આવે છે તે ખુબજ ઓછા પ્રમાણમાં હોઈ તેવા ગામો વિજપડી, ગાધકડા, ઘાંડલા, નેસડી, બાઢડા, જુનાસાવર, મઢડા, ડેડકડી, સાકરપરા, દોલતી, છાપરી તેમજ અન્ય ગામોમાં પણ પાણીની તંગી ખુબજ મોટા પ્રમાણમાં જોવા મળેલ છે આ તંગીના કારણે ઉનાળાની સિઝનમાં જરૂરીયાત મુજબનું પીવાનું પાણી ન મળવાના કારણે લોકોમાં વ્યાપેલી હોવાનું જણાય રહ્યુ છે પુરતા પ્રમાણમાં પીવાનુ પાણી મળી રહે તે માટે કોઈ ટેકનિકલ મુશ્કેલીઓ હોઈ તો જીલ્લા કક્ષાએ આ અંગેની રિવ્યુ મિટીંગ રાખી પ્રાયોગીક ધોરણે ટેકનિકલ મુશ્કેલીઓ દુર કરી વધારે જથ્થો પાણીનો આપવામાં આવે તે ખુબજ આવશ્યક જણાય રહ્યું છે સાવરકુંડલા લીલિયા વિધાનસભા વિસ્તારમાં નર્મદા અને મહિપરીએજ આધારીત પીવાનું પાણી મળતુ હોઈ આ વ્યવસ્થા ૧૫ થી ૨૦ વર્ષ પહેલાની હોઈ પાઈપો તુટી જવાના બનાવો અવાર-નવાર બનતા હોઈ, ટેકનિકલ પ્રશ્નો ઈસ્યુ થતા હોઈ તેને નિવારવા ખુબજ જરૂરી છે તેથી નર્મદા અને મહીપરીએજ યોજનાના પાણીના જથ્થામાં વધારો કરવા, યાંત્રીક ખામીઓ તાત્કાલીક નિકાલ કરવા અને વિતરણ વ્યવસ્થામાં વાલમેન સહિત નેટવર્કમાં રહેલ ખામીઓ દુર કરવી ખુબજ જરૂરી જણાય છે ગ્રામીણ ગામડાઓમાં પાણી પુરવઠા તંત્ર દ્વારા પાણીની સગવડતા અંગે તકેદારી રખાઈ છે પણ અમુક વાલમેનો પક્ષપાતી વલણ દાખવતા હોવાની ફરીયાદો મળી રહી છે જેમાં પણ તપાસ કરીને યોગ્ય દાખલારૂપ કામ તંત્ર દ્વારા કરવામાં આવે તેવી લાગણીઓ પણ વ્યક્ત કરવામાં આવી ને આવા વાલમેનોને સજાના ભાગરૂપે અન્ય જિલ્લામાં ટ્રાન્સફર બદલી કરવામાં આવે તો પાણીની થોડીઘણી મુશ્કેલીઓ પણ મહદ અંશે અંકુશમાં આવી શકે છે જયારે હાલના તબકકે ઉનાળાની સિઝનમાં પીવાના પાણીની તંગી વર્તાય નહી તે માટે પાણીનો વધુ જથ્થો ફાળવવા અને નિયમીત પણે



પાણી મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરાવવા જળ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા અને મુખ્ય ઈજનેરને પત્ર સાથે ટેલીફોનીક વાત કરીને ત્વરિત યોગ્ય વ્યવસ્થા સાથે સહકાર આપવાનો અનુરોધ ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ કર્યો હતો તેમ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી.હીરપરા ની અખબારી યાદીમાં જણાવ્યું છે.


પરમ વંદનિય પ.પુ.સંતશ્રી ભોજલરામબાપાના
૨૩૯ માં પ્રાગટય મહોત્સવ પ્રસંગે
અમારા કોટી કોટી વંદન



સંતશ્રી ભોજલરામ બાપાના
૨૩૯ માં પ્રાગટય મહોત્સવ
પ્રસંગે પૂજ્ય બાપાના
ચરણોમાં અમારા કોટી કોટી વંદન


-:: શુભેચ્છક ::-
શ્રી શાંતાબેન હરિભાઈ ગજેરા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત
GAJERA TRUST
શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ - અમરેલી
LD Laxmi Diamond SINCE - 1972
જનરલ હોસ્પિટલ કેમ્પસ, એસ.ટી. બસ સ્ટેન્ડ પાછળ, અમરેલી



વસંતભાઇ ગજેરા : પ્રેસીડેન્ટ



પરમ વંદનિય પ.પુ.સંતશ્રી ભોજલરામબાપાના
૨૩૯ માં પ્રાગટય મહોત્સવ પ્રસંગે
અમારા કોટી કોટી વંદન



સંતશ્રી ભોજલરામ બાપાના
૨૩૯ માં પ્રાગટય મહોત્સવ
પ્રસંગે પૂજ્ય બાપાના ચરણોમાં
અમારા કોટી કોટી વંદન
સ્થળ : ''ભોજલધામ'' ફતેપુર તા.જી.અમરેલી.
-:: આપના સેવક ::-
હરિકૃષ્ણ એગ્રો સેન્ટર
જુના માર્કેટયાર્ડ રોડ, અમરેલી
જયંતીભાઇ વઘાસીયા - પંકજભાઇ ગોહીલ



પરમ વંદનિય પ.પુ.સંતશ્રી ભોજલરામબાપાના
૨૩૯ માં પ્રાગટય મહોત્સવ પ્રસંગે
અમારા કોટી કોટી વંદન



સંતશ્રી ભોજલરામ બાપાના
૨૩૯ માં પ્રાગટય મહોત્સવ
પ્રસંગે પૂજ્ય બાપાના
ચરણોમાં અમારા કોટી કોટી વંદન
-:: આપના સેવક ::-
વ્રજ એગ્રો કેમીકલ્સ અમરેલી — ગૌતમભાઇ સાવલીયા — મો.૯૪૨૯૪ ૧૫૫૭૯
શીવાંતા સોલાર એનર્જી અમરેલી — મયંક સાવલીયા — મો.૭૯૯૮૮ ૫૯૦૯૬



જય માં ખોડલ   જય ભોજલરામ   જય સરદાર
પરમ વંદનિય પ.પુ.સંતશ્રી ભોજલરામબાપાના
૨૩૯ માં પ્રાગટય મહોત્સવ પ્રસંગે
અમારા કોટી કોટી વંદન
સંતશ્રી ભોજલરામ બાપાના ૨૩૯ માં પ્રાગટય મહોત્સવ પ્રસંગે પૂજ્ય બાપાના ચરણોમાં અમારા કોટી કોટી વંદન




સ્થળ : ''ભોજલધામ'' ફતેપુર તા.જી.અમરેલી.
શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ
અમરેલી
લી. પ્રમુખ શ્રી દિનેશભાઈ ડી. ભુવા

| | | | |
|---|---|---|---|
| મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ડી. કે રૈયાણી | ઉપપ્રમુખ શ્રી દિનેશભાઈ બાંભરોલીયા | મંત્રી શ્રી જે.ડી. સાવલિયા | ખજાનચી શ્રી ઘનશ્યામભાઈ સોરઠીયા |
| કોરકમિટી સભ્ય શ્રી કાળુભાઈ ભંડેરી | ઉપપ્રમુખ શ્રી ભીખુભાઈ કાબરીયા | સહ-મંત્રી શ્રી ઘનશ્યામભાઈ રૈયાણી | સહ-ખજાનચી શ્રી ગોપાલભાઈ કચ્છી |
| કોરકમિટી સભ્ય શ્રી મનુભાઈ દેસાઈ | ઉપપ્રમુખ શ્રી અરજણભાઈ કોરાટ | સહ-મંત્રી શ્રી નીલેશભાઈ મુલાણી | સહ-ખજાનચી શ્રી જતીનભાઈ સુખડીયા |
| કોરકમિટી સભ્ય શ્રી કાંતિભાઈ વઘાસીયા | ઉપપ્રમુખ શ્રી રમેશભાઈ બાબરીયા | સહ-મંત્રી શ્રી રાજુભાઈ ઝાલાવાડિયા | સહ-ખજાનચી શ્રી જગદિશભાઈ તળાવીયા |
| કોરકમિટી સભ્ય શ્રી કાળુભાઈ સુહાગીયા | ઉપપ્રમુખ શ્રી સંજયભાઈ રામાણી | સહ-મંત્રી શ્રી વર્ષિલભાઈ મોવલિયા | સહ-ખજાનચી શ્રી હિરેનભાઇ બાંભરોલીયા |
| | ઉપપ્રમુખ શ્રી નીલેષભાઈ દેસાઈ | સહ-મંત્રી શ્રી નિલેશભાઈ ઠુમ્મર | સહ-ખજાનચી શ્રી જયસુખભાઈ મોણપરા |
| | ઉપપ્રમુખ શ્રી પી.પી.પડશાલા | સહ-મંત્રી શ્રી ભાવેશભાઈ કાબરિયા | સહ-ખજાનચી શ્રી સંજયભાઈ પોકળ |
| | ઉપપ્રમુખ શ્રી દિનેશભાઈ સાવલીયા | સહ-મંત્રી ડૉ.ચંદ્રેશભાઈ ખુંટ | સહ-ખજાનચી શ્રી વરૂણભાઈ પટેલ |
| | | સહ-મંત્રી શ્રી વસંતભાઈ પેથાણી | સહ-ખજાનચી શ્રી રાજુભાઈ ફિણવીયા |

• સલાહકાર સમિતિના તમામ હોદ્દેદારશ્રીઓ • વોર્ડ વાઇઝ તમામ કન્વીનરશ્રીઓ તથા સહ કન્વીનર શ્રીઓ • સહકાર સમિતિના તમામ હોદ્દેદારશ્રીઓ
• શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ - અમરેલીના આજીવન તમામ સભ્યશ્રીઓ • આજીવન સભ્ય - સુધારણા શિક્ષક ટીમના તમામ સભ્યશ્રીઓ



પરમ વંદનિય પ.પુ.સંતશ્રી ભોજલરામબાપાના
૨૩૯ માં પ્રાગટય મહોત્સવ પ્રસંગે
અમારા કોટી કોટી વંદન



સાચી સેવા અને અંધશ્રધ્ધા
નિર્મુલનની એ જમાનામાં
ક્રાંતિકારી શરૂઆત
કરનાર પૂ. ભોજાબાપાના
ચરણોમાં શત્ શહસ્ત્ર વંદન.
સ્થળ : ''ભોજલધામ'' ફતેપુર તા.જી.અમરેલી.
-:: આપના સેવક ::-
અવધ ડેરીફાર્મ
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિર સામે, અમરેલી
દિનેશભાઇ નાનજીભાઇ હીરપરા પરિવારના જય ભોજલરામ



પરમ વંદનિય પ.પુ.સંતશ્રી ભોજલરામબાપાના
૨૩૯ માં પ્રાગટય મહોત્સવ પ્રસંગે
અમારા કોટી કોટી વંદન



સંતશ્રી ભોજલરામ બાપાના
૨૩૯ માં પ્રાગટય મહોત્સવ
પ્રસંગે પૂજ્ય બાપાના
ચરણોમાં અમારા કોટી કોટી વંદન
-:: આપના સેવક ::-
વિવેક ઓઇલ ઇન્ડસ્ટ્રીઝ - અમરેલી
કાળુભાઇ મકનભાઇ ભંડેરી પરિવારના જય ભોજલરામ

### શ્રી મારૂતિ મહિલા મંડળ રાજુલા દ્વારા લુહાર સુથાર સમાજની વાડીમાં ધર્મ કાર્ય

# રાજુલા શ્રીરામ કથામાં ભાવિકો ઉમટી પડયાં

## વ્યાસપીઠ પરથી શાસ્ત્રી શ્રી રવિન્દ્ર રાજયગુરૂ દ્વારા સંગીતમય શૈલીમાં કથાનું કરાવાતુ રસપાન : ધાર્મિક પ્રસંગોની ઉજવણી



રાજુલા,
રાજુલા મારૂતી મહીલા મંડળ દ્વારા લુહાર સુથાર સમાજ જ્ઞાતિ વાડી ખાતે રામકથા ભવ્ય આયોજન થયું છે જેમાં કથાનું રસપાન આચાર્ય શાસ્ત્રી શ્રી રવિન્દ્ર રાજયગુરુ કરાવી રહ્યા હોય અયોધ્યામાં રામ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ પછી રામ ભક્તોને ઉત્સાહ માં વધારો થવા પામ્યો હોય રોજ રાસ ગરબા રામધૂન બોલાવી ભક્તો કથા શ્રવણ કરી રહ્યા છે રોજ સાંજના મહાપ્રસાદનું આયોજન કરાયું છે રાજુલા પી આઈ શ્રી ઈન્દુ બા તથા મહિલા સ્ટાફ સાથે કથા આરતી લાભ લીધો હતો વિશ્વ હિન્દુ પરિષદ રાજુલા ના યુવરાજ ભાઈ ચાદુ વિનુભાઈ મિસ્ત્રી ચિરાગ બી જોષી ગૌરાંગ મહેતા સંતો મહંતો હાજરી આપી રહ્યા છે કથા વેવસ્થા કમીટીના મનિષભાઈ વાઘેલા વિનુભાઈ મિસ્ત્રી શ્રી રામ તથા મારુતિ મહિલા મંડળ બહેનો તથા કનૈયાલાલ તથા બંજરંગ દળ ના સભ્ય પ્રસાદ સેવા સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે કથા આચાર્ય શ્રી દ્વારા સનાતન ધર્મ આચરણ વિશે મુદ્દાઓ ચર્ચા કરી રહ્યા છે કથા ની પુર્ણાહુતી ૨૨/ મેં છે

## અમરેલીમાં ભુલથી દોઢ લાખ જમા થઇ ગયેલા તે રકમ પરત મળી



અમરેલી,
અમરેલી પારેખ ભાણજી વનમાળીદાસની શરતચુકથી રૂપીયા દોઢ લાખ શ્રી પ્રદિપભાઈ જસુભાઈ પરમારના ખાતામાં જમા થઈ ગયેલા હતા તે ધ્યાનમાં આવતા આઈડીએફસી ફર્સ્ટ બેંકના કર્મચારી યશભાઈ ખીરૈયાએ અમારી સાથે આવી તમામ રકમ અમારા ખાતામાં પરત આવી ગઈ પ્રવિણભાઈની પ્રમાણીકતા અને બેંકે પોતાના કર્મચારીને ફરજ રૂપે સાથે મોકલ્યા તે કામગીરીને અમરેલી બિરદાવીએ છીએ તેમ દિલીપભાઈ પરીખે જણાવ્યુ હતુ.

### અવસાન નોંધ

બગસરા
બગસરા નિવાસી ઔદિચ્ય ગઢિયા બ્રાહ્મણ, શ્રી પ્રદીપભાઈ ચિમનલાલ ભટ્ટ, તે ગૌ.વા. શ્રી ચિમનલાલ રૂગનાથ ભટ્ટના પુત્ર, શ્રીમતિ હિનાબેન કિરીટભાઈ ભટ્ટ (રાજકોટ) અને શ્રીમતી અરુણાબેન ભરતભાઈ મહેતા (જૂનાગઢ)ના ભાઈ તેમજ શુભમના પિતાનું તા. ૨૦/૦૫/૨૦૨૪ ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા. ૨૩/૫/૨૪ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ સમસ્ત સમાજ ની વાડી બગસરા મુકામે રાખેલ છે.

### સ્માર્ટ મીટર મરજિયાત હોવું જોઈએ

# ગુજરાતમાં ૧.૬૪ કરોડ સ્માર્ટ પ્રી. પેઈડ મીટર લગાવવાના પ્રોજેક્ટ દ્વારા ૫૦૦ કરોડ રૂપિયા એડવાન્સ પડાવી લેવાનો કારસો છે : અમિત ચાવડા

## મોંઘવારીનો માર સહન કરતી ગૃહિણીઓ કહી રહી છે કે સરકાર હવે સ્માર્ટ મીટર નખાવીને 'મંગળસૂત્ર' પણ વેચાવી નાખશે

અમરેલી,
વિધાનસભા ખાતે પ્રેસ વાર્તામાં ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાતની જનતા મોંઘવારીમાંથી રાહ જોઈને બેઠી છે, ઘર ચલાવવું મુશ્કેલ થઈ રહ્યું છે, બાળકોની ફી ભરવી મુશ્કેલ છે ત્યારે સરકાર રાહત આપવાને બદલે સ્માર્ટ મીટરના નામે લુંટવાનો કારસો ઘડી રહી છે.

ગુજરાતમાં સ્માર્ટ મીટર લગાવવાનો ઠેરઠેર વિરોધ થઈ રહ્યો છે. વડોદરા, રાજકોટ, સુરત, સુરેન્દ્રનગર અને જામનગર જ્યાં પણ મીટરો લગાવવાની શરૂઆત થઈ વ્યાપક ફરિયાદો, મીટરના છબરડા, લુંટ સામે પ્રજાનો ઉગ્ર વિરોધ તેમજ વીજ કંપનીઓ અને પ્રજા વચ્ચે સંઘર્ષની સ્થિતિનું નિર્માણ થયેલ છે. પ્રજાની ફરિયાદો છે કે સ્માર્ટ મીટર લગાવતા ૧૦૦૦ રૂપિયા માસિક બીલ આવતું હતું તેમને રોજ ૩૫૦ રૂપિયા કપાવવા લાગ્યા છે. ૨ મહિનાનું બીલ ૪૫૦૦ આવતું હતું એના બદલે ૨૦ ૪૦૦૦ રૂપિયાનું રીચાર્જ પૂર્ણ થઈ ગયું. સ્માર્ટ મીટરનો વિકલ્પ કેમ નહિ? સ્માર્ટ મીટર ફરજીયાત શું કામ? મોબાઈલમાં પ્રી. પેઈડ અને પોસ્ટ પેઈડનો વિકલ્પ હોય તો સ્માર્ટ મીટરમાં કેમ નહિ? રીચાર્જ કરાવવા સ્માર્ટ ફોન જોઈશે. ગરીબો સ્માર્ટ ફોન ક્યાંથી લાવશે. સરકાર સ્માર્ટ મીટર સાથે સ્માર્ટ ફોન આપશે? ગુજરાતમાં ૧.૬૪ કરોડ પ્રી. પેઈડ મીટર લગાવવાનો પ્રોજેક્ટ છે અને તેમાં મીટર દીઠ ૩૦૦ રૂપિયા ફરજીયાત બેલેન્સ તરીકે એડવાન્સ ભરવાના હોવાથી ગુજરાતની પ્રજાના ૫૦૦ કરોડ રૂપિયા એડવાન્સ પડાવી લેવાનો કારસો રચાયો છે.

એક તરફ મોંઘી વીજળી છે તેમાં કોઈ રાહત મળતી નથી. ગ્રાહકોને જે સુવિધાઓ મળવી જોઈએ તે સુવિધાઓમાં કોઈ વધારો થતો પણ પોતાના માનીતા, મળતીયાઓની કંપનીઓ માટે દિન-પ્રતિદિન આવા તઘલખી નિર્ણયો લઈ પ્રજાના ખિસ્સામાંથી લઈ ઉઘાડી લૂંટ ચલાવવામાં આવે એવા જે પ્રયત્નો થઈ રહ્યા છે તેનો સખત વિરોધ કરવામાં આવશે.

સરકાર સ્માર્ટ મીટર લગાવવાની નીતિનો પુનઃવિચાર નહિ કરે, પ્રજા ઉપર જબરજસ્તી થોપશે તો અમે સ્માર્ટ મીટર લગાવતા અટકાવવા માટે પ્રજાની રહી સવિનય કાનુનભંગની લડત લડીશું અને જરૂર પડશે તો રસ્તા ઉપર પણ ઉતરીશું અને ગુજરાતની જનતાના અવાજને સડકથી લઈને સંસદ સુધી પહોંચાડીશું તેવું શ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું.

### જાફરાબાદ નેશનલ હાઇવેને જોડતા

# કોળીકંથારીયા, બાલાનીવાવનું રોડ કામ શરૂ થતાં લોકો ખુશ

## કોન્ટ્રાકટરોને દબાવતા વિઘ્નસંતોષીઓ સામે કાર્યવાહીની રજુઆત

રાજુલા,
જાફરાબાદ તાલુકાના ૩૦૦ માણસની વસ્તી ધરાવતા કોળી કંથારીયા તેમજ અઢીસો માણસની વસ્તી ધરાવતા બાલાનીવાવ બંનેની ૫૦૦ ઉપરાંત ની વસ્તી છે સામાન્ય રીતે રાજનેતાઓ આવા નાનકડા વિસ્તારમાં રાજકીય નેતાઓને મત ઓછા હોવાથી મતદાનમાં રસ ઓછો હોય છે પરંતુ અહીં વાસ્તવિકતા અલગ છે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી રજૂઆતો બાદ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થતા નાનકડા પુલિયાની કામગીરી પૂર્ણતાને આરે હતી અને ડામર રોડ કામ શરૂ થવાનું હતું. પરંતુ અમુક સ્થાનિક લેભાગુ તત્વો દ્વારા પેસા પડાવવા માટે ખોટી રીતે આ કામ નબળું થયા હોવાના આક્ષેપ કરતા કરી રહ્યા છે ત્યારે બાલાનીવાવના સરપંચ પહુભાઈ વરુ, કંથારીયા ના સરપંચ ગોવિંદભાઈ ચૌહાણ, તથા આગેવાન લાલભાઈ વરુ દ્વારા જણાવવામાં આવ્યું કે અમારું આ રોડનું કામ અધિકારીના તેમજ અમે બન્નો સરપંચોની દેખરેખ હેઠળ શરૂ છે કોઈપણ જગ્યાએ અહીં નબળું કામ થતું નથી અને અમે કરવા પણ દેતા નથી જેથી ભ્રષ્ટાચારનો કોઈ પ્રશ્ન નથી પરંતુ અહીં માત્ર ૧ ચોક્કસ વ્યક્તિને નાણા કટકી કમિશન નહીં મળતા ભ્રષ્ટાચારના આક્ષેપો કરી રહ્યા છે જે લોકોને પૈસા જોતા હોય છે તેવા લોકોને દેખાય છે આ કામગીરી ચોમાસા પહેલા ડામર અને નાળા પૂર્ણ થાય તે માટે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી ને પણ રજૂઆત કરી છે અને ટૂંક સમયમાં ડામર રોડનું કામગીરી પણ પૂર્ણ કરી દેવામાં આવશે તેમ હીરાભાઈ સોલંકીએ જણાવ્યું હતું અને વર્ષો બાદ આ રોડ શરૂ થયો છે ચોમાસામાં લોકો ત્રાહિમામ પોકારતા ત્યારે આ રોડની કામગીરી કેવી રીતે બંધ થાય અને કેવી રીતે પૈસા મળે તે માટે અમુક તત્વો દ્વારા આ કામમાં વિઘ્નો નાખી રહ્યા છે તેમ બાલાની વાવના સરપંચ પહુભાઈ તથા કોળી કંથારીયા ના સરપંચ ગોવિંદભાઈ ચૌહાણ તથા ઘનશ્યામભાઈ વાળા તથા બાલાનીવાવ કોળી કંથારિયાના ગ્રામજનોએ સારી ગુણવતા મુજબ કામ થઈ રહ્યું છે ઝડપથી થઈ રહ્યું છે દરરોજ બાંધકામ સુપરવાઈઝર સરપંચો દ્વારા સાઈડ ઉપર જવામાં આવે છે પરંતુ અમુક તત્વો દ્વારા કોઈ કામગીરી કે વિકાસ ન થાય તે માટે ભ્રષ્ટાચાર ના તળે આવી પ્રવૃત્તિ કરનાર સામે સરકાર દ્વારા કડક કાર્યવાહી કરવી જોઈએ જેથી ખોટી રીતે કામગીરી રોકી અને પૈસાનું વહીવટ ન કરી શકે તે માટે નો પ્રયાસ સોશ્યલ મીડિયા મારફતે બદનામ કરી રહ્યા છે.

# થોરડીમાં દવા છંટકાવ કરાયો

### અમરેલી જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આયોજન



અમરેલી,
જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી શ્રી આર.એમ.જોષી તથા ડો. એ.કે.સીંગ, ડો. સાલ્વી, ડો. આર.કે. ઝાંટ તથા તાલુકા આરોગ્ય અધિકારી ડો. રાજીવકુમાર સિંન્હાના નેતૃત્વમાં મેડિકલ ઓફિસર ડો. અલ્પાબેન ઠકકર, સુપરવાઈઝર શ્રી કે.એમ. પંચોલીની ટીમ દ્વારા થોરડી ગામે જંતુનાશક દવા છંટકાવ કામગીરી કરવામાં આવી હતી. તેમાં તાલુકા સુપરવાઈઝર શ્રી જે.બી. જોષી, જતિનભાઈ વ્યાસએ વિઝીટ કરી હતી. તેમના દ્વારા જંતુનાશક દવા છંટકાવ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અને લોકોને આરોગ્ય જાણકારી આપી હતી. આ કામગીરીમાં અસ્માબેન પઠાણ, આશાબેન તથા પ્રવિણાબેન, જનકભાઈ માંડાણીએ સહયોગ આપેલ. કાર્યક્રમ સફળ બનાવવા કે.એમ. પંચોલી તથા અલ્પાબેન ઠાકરે જહેમત ઉઠાવી હતી. અને આભારની લાગણી વ્યકત કરી હતી.

# અમરેલીના વિરપરા સાનેપરા પરિવારમાં રૂડો લગ્નોત્સવ

## ચિ. કેયુર ચિ હેતાર્થીના લગ્ન પ્રસંગે સગા સ્નેહીઓ પરિવાર જનોએ શુભકામનાઓ પાઠવી







અમરેલી, (અરવિંદ નિર્મળ)
અમરેલીના વિરપરા અને સાનેપરા પરિવામાં ચિ.કેયુરનો ચિ. હેતાર્થી સાથે લગ્નોત્સવ યોજાયો તે પ્રસંગે નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા, પાલિકાના પ્રમુખશ્રી બિપીનભાઈ લીંબાણી, જિલ્લા પંચાયત ચેરમેનશ્રી માંગરોળીયા, શ્રી કાતરીયા, શ્રી ધોરાજીયા, શ્રી મનોજભાઈ વાળા, શ્રી હિરેનભાઈ વાળા સહિતે ઉપસ્થિત રહી નવદંપતિને શુભકામનાઓ પાઠવી હતી.

### જૈન સમાજ દ્વારા ચાલતી પાઠશાળામાં

# સાવરકુંડલામાં જૈન સાશન સ્થાપના દિન ઉજાવાયો

## ભગવાનની અષ્ટકારી પુજા અને સંધ્યાભકિત, આરતી, શણગાર સહિતની સ્પર્ધા યોજાઇ



સાવરકુંડલા, સાવરકુંડલામાં જૈન સમાજમાં ચાલતી પાઠશાળા માં સૌપ્રથમ વખત શ્રી જૈન શાસનના સ્થાપના દિનની ભવ્ય અને દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી જેમાં સવારના દેરાસરમાં જૈન શાસનના સ્થાપક એવા શ્રી મહાવીર સ્વામી ભગવાનની અષ્ટપ્રકારી પૂજા નું આયોજન કરવામાં આવે તેમજ સાંજ ના સંધ્યા ભક્તિ રાખવામાં આવેલ તેમજ આરતી ડેકોરેશનની કોમ્પિટિશન પણ રાખવામાં આવેલ તેમજ શ્રી વીરપ્રભુ શ્રી નું સમૂહ આરતી નું આયોજન કરવામાં આવેલ સંઘના દરેકે વ્યક્તિએ ઉત્સાહભેર લાભ લીધો હતો. અને પાઠશાળામાં શિક્ષણની સાથે ધર્મનું પણ વાતાવરણ દિવ્ય અને ભવ્ય બન્યું હતું.

### રમતી આવે માડી રમતી આવે....

# ઝાપોદરમાં નવરંગો માંડવો યોજાશે

### જયસુખભાઇ રાવળ અને ભુવા જહાભાઇ ડાકલાની રમઝટ બોલવશે



અમરેલી,
ઝાપોદર ગામ સમસ્ત તેમજ ખોડિયાર ચેવક સમુદાય દ્વારા ખોડિયાર માતાજી ના નવરંગા માંડવો તારીખ ૨૩ ૫ ના રોજ ગામ સમસ્ત તેમજ ખોડીયારમાં મંદિર દ્વારા નવરંગ માંડવા નું આયોજન કરવામાં આવ્યું છે જેના ભુવા જયસુખભાઈ રાવળ સખપર વાળા સાંજના સાત કલાકે ૨૩ ૫ ના રોજ જુના ઝાપોદર ગામે આયોજન કર્યું છે સ્થાનિક ભુવા જહાભાઈ ખાખબાઈ વાળા પૂજા વિધિ કરાવશે માતાજી દર્શન અને પ્રસાદ લેવા ભાવ ભર્યું આમંત્રણ છે . તેમ અખબારીયાદીમાં જણાવ્યું છે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ
બ્યુરો ચીફ
જયશ્રી મહેતા

# કચ્છમાં ૩.૪ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

### ગત મે મહિનામાં ઉપરાછપરી ૯ ભૂકંપના આચકાઓ આવ્યા : લોકો ઘર બહાર નિકળી ગયા

કચ્છ,
રાજ્યમાં ભૂકંપની ઘટનામાં સતત વધારો થઈ રહ્યો છે. ઊભો થયો હતો. કચ્છમાં ભૂકંપના આંચકાઓ શરૂ થયા છે. ત્યારે મે મહિનાના ૨૦ દિવસમાં આજે ભૂકંપનો ચોથો આંચકો આવ્યો છે. ભૂકંપને લઈ લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. જોકે જાનહાનિની કોઈ વિગત સામે આવી નથી. સોમવારે સવારે ૧૦.૩૬ વાગે કચ્છમાં ૩.૪ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેમાં કેન્દ્રબિંદુ લખપત નજીક ભારત પાકિસ્તાન બોર્ડર પર નોંધાયું હતું. મે મહિનામાં આવ્યા ભૂકંપના ૯ આંચકા જેમાંથી ૪ આંચકા કચ્છમાં અને ૪ આંચકા તાલાળામાં આવ્યા છે. જ્યારે ભૂકંપનો એક આંચકો મહેસાણામાં આવ્યો છે.

### મે મહિનામાં આવેલ ભૂકંપના આંચકાની વિગત

૩ મે-રાત્રીના ૧૦.૫૬ કલાકે કચ્છમાં ૨.૭ની તીવ્રતાનો આંચકો આવ્યો
૭ મે- સવારના ૪.૧૮ કલાકે કચ્છમાં ૨.૮ની તીવ્રતાનો આંચકો આવ્યો
૮ મે-બપોરના ૩.૧૪ કલાકે તાલાળામાં ૩.૭ની તીવ્રતાનો આંચકો આવ્યો
૮ મે-બપોરના ૩.૧૮ કલાકે તાલાળામાં ૩.૪ની તીવ્રતાનો આંચકો આવ્યો
૯ મે- સવારના ૫.૩૯ કલાકે કચ્છમાં ૨.૬ ની તીવ્રતાનો આંચકો આવ્યો
૯ મે- બપોરના ૧૨.૫૫ કલાકે તાલાળામાં ૩.૭ની તીવ્રતાનો આંચકો આવ્યો
૧૬ મે-સાંજના ૫.૩૩ કલાકે તાલાળામાં ૩.૨ની તીવ્રતાનો આંચકો આવ્યો
૧૭ મે-સવારના ૧૧.૪૦ કલાકે મહેસાણામાં ૨.૬ની તીવ્રતાનો આંચકો આવ્યો
૨૦ મે-સવારના ૧૦.૩૬ કલાકે કચ્છમાં ૩.૪ની તીવ્રતાનો આંચકો આવ્યો

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ
બ્યુરો ચીફ
હિતેષ પારેખ

### એન્ટી ટેરીરિઝમ દિવસે જુનાગઢમાં

# આતંકવાદ અને હિંસાનો વિરોધ કરવાના શપથ લેવાયા

### જિલ્લા સમાહર્તા શ્રી રાણાવસિયા સહિતે હિંસાનો વિરોધ કરવાના લીધા શપથ



જૂનાગઢ, ૨૧ મેને એન્ટી ટેરીરિઝમ ડે એટલે કે, આતંકવાદ વિરોધી દિવસ જાહેર કરવામાં આવેલ છે, ત્યારે આજે જૂનાગઢ કલેક્ટર કચેરી ખાતે જિલ્લા સમાહર્તા શ્રી અનિલકુમાર રાણાવસિયા સહિત અન્ય અધિકારી-કર્મચારીઓએ તમામ પ્રકારના આતંકવાદ અને હિંસાનો મજબૂત રીતે વિરોધ કરવાના શપથ લીધા હતા. ઉપરાંત તમામ વર્ગો વચ્ચે શાંતિ, સામાજિક સદભાવ તથા સુજબુજ કાયમ રાખવા અને માનવ જીવન મૂલ્યોને હાનિ પહોંચાડનારી વિભાજનકારી શક્તિઓ સામે લડવાના શપથ લીધા હતા.

### સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

# દિવ ઘોઘલા બિસ્માર રોડ સુધારો



ઉના, (નિરવ ગઢીયા) દીવ ઘોઘલા રોડ ઘણા સમયથી તૂટેલા હોય લોકલ પ્રજા અને ટુરિસ્ટ લોકો બહારથી ફરવા આવતા હોય પ્રજા તોબા પોકારી રહી છે છેલ્લા પાંચ થી સાત વર્ષથી રોડનું ખોદકામ દીવ ચેક ઘોઘલા ગામમાં દીવ રોડ મેન બજાર સમરહાઉસ સોસાયટીના રોડ ખોદી નાખવાથી વર્ષોથી ગામમાં ગોકળ ગાય જેવું રોડ કામ ચાલુ હોવાથી દીવ ઘોઘલા ટુરીઝ પોઈન્ટ હોય લોકો હેરાનગતિનો સામનો કરી રહી છે સ્માર્ટસીટી ની વાતો કરી રહી છે પણ રોડના કામમાં ઢીલીનીતિ હોવાથી ત્યાંની સ્થાનિક એટલા હેરાન થાય છે કે બોલી શકતું નથી રોડનું કામ એટલી હદે ખોદકામ ચાલે છે કે અમુક રૂટ પણ બંધ કરી નાખ્યા હોવાથી પ્રજા હેરાન થાય છે જેથી કરી પ્રશાસનનો રોડનું કામ વેલા પૂરું કરે તેવી લોકોની માગણી છે.

# મોરબીમાં અકસ્માતમાં ૧૪ માસના બાળકનું કરુણ મોત : એક ઘાયલ

મોરબી,
મોરબીના વાવડી ગામે બોલેરો સાથે માર્ગ અકસ્માતમાં બાઈકસવાર ૧૪ માસના બાળકનું કરુણ મોત થયું હતું અને તેના પિતા મિલનભાઈ સોઢિયાને સારવાર માટે રાજકોટ ખાતેની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મિલનભાઈ પોતાના માસૂમ પુત્રને બાઈક પર આંટો મરાવવા નીકળ્યા હતા તે દરમિયાન આ અકસ્માત થયો હતો. મોરબી તાલુકા પોલીસે અજાણ્યા બોલેરોચાલક વિરૂદ્ધ ગુનો નોંધવા તપાસ શરૂ કરી છે.

# ભરૂચના અંક્લેશ્વરમાંથી એસઓજીએ ગાંજાની ખેતી ઝડપી પાડી : ધરપકડ

ભરૂચ, ભરૂચમાં એક ગાંજાના છોડનું વાવેતર કરનાર આરોપીને લીલા-સુકા ગાંજાના ૫૨ છોડ સાથે ઝડપી પાડવામાં આવ્યો છે. ભરૂચ એસઓજીએ ૩૯.૬૫૦ કિલો ગાંજો રિકવર કરી રૂપિયા ૩.૯૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ભરૂચ જીલ્લામાં યુવાધન નશાના રવાડે નાચડે તથા નશામુકત પદાર્થોના ખરીદ-વેચાણ અને હેરાફેરી અટકાવવા માટે અસરકારક અને પરીણામલક્ષી કામગીરી કરવા તથા આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો વિરૂધ્ધ કેસો કરવા પોલીસ મહાનિરીક્ષક સંદીપસિંહ તથા ભરૂચ પોલીસ અધિક્ષક મયુર ચાવડા નાઓ દ્વારા જીલ્લાના તમામ અધિકારીઓને અસરકારક કામગીરી માટે સૂચના આપી હતી. જે સુચના આધારે પો.ઈન્સ.એ.એ.ચૌધરી નાઓના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી.સ્ટાફની ટીમો બનાવી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજકોટ યાર્ડમાં પીળા ચણાની ખરીદીમાં ભાવ વધતા ખેડૂતો માટે ખુશીનો માહોલ

રાજકોટ,
રાજકોટ માર્કેટ યાર્ડમાં દૂરરોજ જણસીની મોટાપાયે આવક થતી જોવા મળતી હોય છે. માર્કેટ યાર્ડમાં અત્યારે લસણ, ડુંગળી, કપાસ અને પીળા ચણા સહિતના પાકની આવક થઈ રહી છે. રાજકોટ માર્કેટ યાર્ડમાં ખેડૂતોને સારા ભાવ મળતા હોવાથી ખેડૂતો પોતાનો પાક લઈને વહેલી સવારથી જ પહોંચી જાય છે. અને તેમને સારા ભાવ મળતા હોય છે. યાર્ડમાં પીળા ચણાની ૬૭૦૦ ક્વિન્ટલ અને સફેદ ચણાની ૨૮૦૦ ક્વિન્ટલ આવક થઈ હતી. પીળા ચણાનો એક મણનો ભાવ ખેડૂતોને ૧૧૮૦થી ૧૩૦૧ રૂપિયા મળ્યો હતો જ્યારે સફેદૃ ચણાનો ભાવ ૧૬૦૦થી ૨૨૮૦ રૂપિયા બોલાયો હતો.

### લો બોલો, આટલી મોટી ભૂલ..??

# વડોદરામાં એમજીવીસીએલ દ્વારા બીલ રીડીંગ માં ભૂલ, ભાડાના મકાનમાં ૯ લાખનું બીલનો મેસેજ

વડોદરા, રાજ્યમાં છેલ્લા ઘણા દિવસથી અનેક શહેરોમાં સ્માર્ટ મીટર નાંખવામાં આવી રહ્યા છે તો કેટલીક જગ્યાએ આનો વિરોધ પણ થઈ રહ્યો છે તો કેટલાક લોકો આ નિર્ણયને સારો ગણાવી રહ્યા છે. ત્યારે હવે વડોદરામાં સ્માર્ટ મીટર લગાવ્યા બાદ ભાડાના મકાનમાં રહેતા વ્યક્તિને નવ લાખ રૂપિયાનું બિલ ભરવાનું છે તેવો મેસેજ મોકલવામાં આવ્યો હતો જોકે, આ વ્યકતિનો મુદ્દો ધ્યાનમાં આવ્યા બાદ એમજીવીસીએલએ પોતાની ભૂલ સ્વીકારી લીધી હતી અને નવા બિલનો એસએમએસ પણ મોકલી દેવામાં આવ્યો હતો.

# ગુજરાતમાં વરસાદ અને વંટોળને લઈને હવામાન આગાહીકાર અંબાલાલ પટેલની મોટી આગાહી

ગાંધીનગર,
હવામાન આગાહીકાર અંબાલાલ પટેલ દ્વારા ગુજરાત રાજ્ય માટે મોટી આગાહી વ્યક્ત કરવામાં આવી છે, જેમાં ૨૬ મેથી ૪ જૂન વચ્ચે ગાજવીજ સાથે આંધી વંટોળની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે, ૨૬ મે થી ૪ જૂન વચ્ચે ગાજવીજ અને આંધી વંટોળ સાથે રોહિણી નક્ષત્રમાં રાજયના કેટલાક ભાગોમાં વરસાદૃની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ૨૬ મે સુધી બંગાળ ના ઉપસાગર માં ચક્રવાત સર્જાવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. રોહિણી નક્ષત્રમાં રાજયના કેટલાક ભાગોમાં વરસાદની શક્યતા છે. મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી અને કોઈ કોઈ ભાગમાં ૪૦ ડિગ્રી નીચું જવાની શક્યતા છે. ૨૬ મે સુધી બંગાળના ઉપસાગરમાં ચક્રવાત સર્જાવાની શક્યતા છે. ૨૫થી ૨૮ મે સુધી દક્ષિણ ભારતમાં ચોમાસું આવવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. અરબસાગરના ભેજના કારણે દેશ સહિત ગુજરાતમાં રહેશે વરસાદ. ગુજરાતમાં ૭થી ૧૪ જૂન વચ્ચે ચોમાસું આવવાની શક્યતા વ્યકત કરાઈ છે, જયારે અમદૃાવાદૃમાં ૨૫ તારીખ સુધી હીટવેવની આગાહી પણ અંબાલાલ પટેલ દ્વારા કરવામાં આવી છે. ૨૩થી ૨૭ તારીખ દરમિયાન વાવાઝોડા સાથે વરસાદૃ થશે. આવતીકાલે અરૂણાચલપ્રદૃેશ, આસામ, મેઘાલય, મિઝોરમમાં પડશે વરસાદ. દક્ષિણ ભારતના રાજ્યોમાં પણ ભારે પવન સાથે વરસાદની શક્યતા છે. ૨૮ તારીખે ગુજરાત, મુંબઈમાં ભારે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. દેશમાં વાવઝોડા સાથે ભારે વરસાદનું સંકટ તોળાઈ રહ્યું છે. બંગાળની ખાડીમાં આગળ વધતું ચક્રવાત ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યો માટે બની શકે છે મોટો ખતરો. આવતીકાલે બંગાળની ખાડીમાં તિવ્ર ચક્રવાત બાદ થશે વરસાદ

# ૧૬ દિવસ સુધી ડાકોરની ટ્રેન બંધ રહેશે

ડાકોર,
ડાકોર જવા માટે આણંદ જંક્શન અને ડાકોર વચ્ચે ૭ મેમુ ટ્રેનો દોડે છે. આણંદ જંક્શન અને ડાકોર વચ્ચેની પ્રથમ ટ્રેન આનંદ ગોધરા એસપીએલ ૦૫.૧૦ વાગ્યે ઉપડે છે અને ટ્રેન દરરોજ ચાલે છે. ગોધરા આણંદની આ મેમુ ટ્રેન ૧૬ દિવસ સુધી બંધ રહેવાની છે. તેનું કારણ એ છે કે સિંગલ રેલવે ટ્રેક ને ડબલ લાઇન કરવા માટેની કામગીરી ચાલુ હોવાના કારણે. આ ટ્રેન ૨૦ મે થી ૪ જૂન સુધી મેમુ ટ્રેન બંધ કરવામાં આવી છે. ગોધરાથી આણંદને જોડતો વાયા ડાકોર સિંગર ટ્રેક ડબલ કરવામાં આવશે. રોજ આ ટ્રેનમાં અપડાઉન કરતા મુસાફરોને હાલાકી પડી શકે છે તેમજ ફરવા જતાં પ્રવાસીઓને આ ટ્રેનનો લાભ મળી શકશે નહીં. મેગા બ્લોકને કારણે આ રૂટ પરની અન્ય ગુડ્સ ટ્રેન પણ પ્રભાવિત થશે. ૨૦ મેથી લેવાયેલા મેગા બ્લોકને કારણે ગોધરા-આણંદ મેમુ, આણંદ-ગોધરા મેમુ, ડાકોર-આણંદ અને આણંદ-ડાકોર વચ્ચે દોડતી મેમુ ટ્રેન આગામી ૧૬ દિવસ સુધી બંધ રહેવાની છે.

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
**યામાહા શોરૂમ**
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા. ૨૩-૦૫-૨૦૨૪ ગુરૂવાર



શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
**આનંદ કલોથ સ્ટોર**
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



BAJAJ FINSERV
**આશાપુરા ફર્નીચર**
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


### શ્રી શક્તિસિંહ ગોહિલ, શ્રી અમિતભાઇ ચાવડા સહિતની ઉપસ્થિતિ

## એઆઇસીસી ઓબ્ઝર્વર શ્રી મુકુલ વાસનીકે કોંગ્રેસનાં શ્રી જેનીબેન ઠુંમરને સન્માનીત કર્યા

### કોંગ્રેસનાં તમામ ઉમેદવારોને ગુજરાત પ્રભારી અને રાજ્ય સભાનાં સાંસદશ્રી વાસનીકજીએ પ્રોત્સાહીત કર્યા



અમરેલી, એઆઈસીસી ઓબ્ઝર્વર શ્રી મુકુલ વાસનિકજી, પ્રદેશ પ્રમુખ શકિતસિંહજી ગોહિલ, અમિતભાઈ ચાવડાએ ગુજરાત કોંગ્રેસના તમામ ઉમેદવાર શ્રી ઓ સન્માનિત કર્યા હતાં અને એ પ્રસંગે અમરેલી લોકસભા બેઠકનાં ઉમેદવાર જેનીબેન ઠુંમરને મોમેન્ટો આપી સન્માનીત કાર્ય હતાં.

**ગૃહ મંત્રાલયનાં કાર્યાલય નોર્થ બ્લોકને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભર્યો ઇ-મેલ મળ્યો**

### બાઇકસવાર લાઠીથી કલર લઇ અડતાળા આવતા હતા

## લાઠીના ટોડા નજીક કાર બાઇક વચ્ચે અકસ્માતમાં અડતાળાનાં પ્રૌઢનું મોત

### કારની પાસે અને અંદર રહેલી વસ્તુઓ સામે સવાલ ઉઠાવતા અડતાળાના રહીશો






અમરેલી,

લાઠીના ટોડા નજીક દાડમા દાદાની દેરી પાસે અડતાળા ગામના હસમુખભાઈ બચુભાઈ ગોઠડીયા અને મગનભાઈ કલ્યાણભાઈ રાદડીયા ઉ.વ.૫૮ લાઠીથી કલર લઈ પરત અડતાળા જતા હતા ત્યારે જીજે ૩૮ ડીસી ૪૧૬૭ નંબરની સ્વીફ્ટ કાર તેની સાથે અથડાઈ અને ગોથા મારી ગઈ હતી આ અકસ્માતમાં મગનભાઈ રાદડીયાનું ઘટના સ્થળે મોત થયુ હતુ અને હસમુખભાઈને ઈજાઓ સાથે ખાનગી દવાખાને ખસેડાયા હતા ત્યારે અકસ્માત ગ્રસ્ત ગાડીની પાસે લીંબુ શ્રીફળ અને અંદર કાળા કપડામાં કોઈ વસ્તુ હોવાથી આ શું છે તેવા સવાલ સાથે અડતાળાના ગ્રામજનોએ તપાસની માંગણી કરી હતી.

### પાલિકા દ્વારા વધુ એક ભ્રષ્ટાચાર સામે આવ્યો

## બગસરા શહેરમાં કોન્ટ્રાક્ટર દ્વારા લોલમ લોલ કામના કારણે સ્ટીટ લાઇટનો પોલ ધરાશાયી

### નગરપાલિકાના એન્જિનિયરો દ્વારા દેખરેખનો અભાવ



બગસરા, (સમીર વિરાણી)

બગસરા માં પાલિકા દ્વારા હાલમાં જ ઊભા કરેલ સ્ટીટ લાઈટ ના પોલ ના કામ માં લોલમ લોલ કામ ના હિસાબે સ્ટિટ લાઈટ નો પોલ ધરાશાય થયો છે ત્યારે પાલિકા ની દેખરેખ ના અભાવે કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવેલ લોલમ લોલ કામગીરી ખુલ્લી થઈ હતી. બગસરા નગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર એલઈડી સ્ટ્રીટ લાઈટ લગાડવાનો પ્રોજેક્ટ તાજેતરમાં જ પૂર્ણ કરેલ છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતા લોકોની સુવિધામાં વધારો થયો હતો પરંતુ માત્ર ગણતરીના દિવસોમાં જ આ પ્રોજેક્ટમાં થયેલ ભ્રષ્ટાચાર ખુલ્લો પડી ગયો હતો. બગસરામાં બે દિવસ પૂર્વે પડેલા માવઠા સાથે રહેલા સામાન્ય પવનમાં આ વીજ પોલ નીચે પડી ગયો હતો સદનસીબે કોઈ વ્યક્તિને ઈજા થયેલ નથી પરંતુ આ સ્ટ્રીટ લાઈટના પ્રોજેક્ટમાં નગરપાલિકા દ્વારા દેખરેખ રાખવામાં આવેલ નથી તેમ જ કોન્ટ્રાક્ટર દ્વારા ટેન્ડર ના નિયમો નો ઉલાળીયો કરી કામગીરી કરેલી છે તે સ્પષ્ટ થાય છે. જોકે હજુ આગામી ચોમાસા દરમિયાન બીજા અનેક વીજપોલ ધરાશાય થાય તો નવાઈ નહીં. બીજો કોઈ અકસ્માત સર્જાય તે પૂર્વે આ તમામ વીજપોલ ની ચકાસણી કરવામાં આવે તેમજ ભ્રષ્ટાચારમાં સહકાર આપનાર તમામ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવે તેવી લોકોમાંથી માંગ ઉઠી છે. જ્યારે આ કામ માં સુ પાલિકા ના પદા અધિકારીઓ એ પોતાના ખીચ્ચાં ભરિયા કે એવા અનેક પ્રકારના સવાલો લોકો માં ઉઠી રહ્યાં છે જ્યારે આ કામ આશરે ૯ લાખ જેટલા રૂપિયા નું કરવામાં આવેલ છે જ્યારે આ બાબતે પાલિકા પ્રમુખ ને પૂછતા તેમણે જણાવ્યું કે અમો આ પોલ ને સરખું કરી ફરી ચાલુ કરી આપીશું. આવા જવાબ આપતા લોકો દ્વારા એવા પણ સવાલો ઉઠી રહ્યાં છે કે દરેક કામ માં પાલિકા પાસે થી આવા જ જવાબો મળતા હોય છે તો સુ પાલિકા અને કોન્ટ્રાક્ટર ની મિલી ભગત ચાલી રહેલ છે આવી લોક મુખે ચર્ચા ઊઠી રહી છે.

### ગરમીથી બચવા લોકોના પ્રયાસો

## રાજુલામાં ગરમીને કારણે લસ્સીનું ધુમ વેચાણ

### તાપમાન વધતા ઠંડાપીણાની આવકમાં તડાકો પડયો




રાજુલા,

રાજુલામાં ધોમ ધક્કા તડકામાં માત્ર ત્રણ દુકાનેથી જ ૨૫૦૦૦ ઉપરાંતની લસીનું વેચાણ ધૂમ ધક્કા તડકામાં રાજુલામાં બજારે લોકો નીકળી શકતા નથી ત્યારે ૧૨ થી ૩ ના ગાળામાં લોકો ઘરે પાર્સલ કરી અને લઈ જાય અને પીવે છે અને દુકાનો એ પણ લસ્સી પીવા માટે માણસોની લાઈન લાગેલી હોય છે રસી ખાસ કરીને દસ જ રૂપિયામાં મળતી હોવાથી ગ્રામ્ય વિસ્તારના લોકો લસ્સી પીવાનું વધારે પસંદ કરે છે કેમકે તડકામાં રાજુલા શહેરમાં માત્ર પાણીના બે જ પરબ છે અને લસ્સીની દુકાન આવેલી હોવાથી લસી ની દુકાનોમાં બપોરે તો લાઈન થાય છે અને વારો પણ આવતો નથી એ દ્રશ્યો પણ આ ફોટા ઉપરથી જોઈ શકશો રાજુલામાં હોસ્પિટલ સામે આવેલી લસી ની દુકાને ૧૫ મિનિટ સુધી વારો આવતો નથી ટાવર પાસે આવેલી લસી ની દુકાને તેમજ પોલીસ સ્ટેશન પાસે આવેલી દુકાને દઈને લસ્સી પીવા માટે લાઈનો લાગે છે અને આ ત્રણ દુકાનો એથી ૨૫ થી ૩૦ હજારની લસ્સી ગરમીમાં આ ત્રણ દુકાનેથી જ વેચાય હોળી બરફમાં ઠંડી હોવાથી સા કરતા લોકો લસ્સી અને સોડા પીવાનું વધારે પસંદ કરે છે જેના કારણે રાજુલામાં આઈસ્ક્રીમ કરતા લસ્સી બરફના ગોળા અને સોડા નું ગરમી ના ગરમી ના કારણે ધોવામાં વેચાણ જોવા મળે છે ત્યારે લસ્સી અને સોડા પીનારાઓ ગ્રામ્ય વિસ્તારના વધુ લોકો હોય છે જ્યારે શહેરના લોકો રાજુલામાં આવેલા જાફરાબાદ રોડ ઉપર એક જ નવું બનેલું કોમ્પ્લેકસમાં પાંચ માટલા આઈસ્ક્રીમ દુકાનો છે તેમજ અન્ય આઈસ્ક્રીમ ખાવા માટે રાત્રિના તો લાઈન લાગે છે અહીં પાર્કિંગ હોવાથી આ દુકાનો એ માટલા ગુલ્ફીને આઈસ્ક્રીમ ખાવા વાહન હોવાથી પાર્કિંગ કરવાથી સરળ પડે છે આમ ઉનાળામાં ઠંડા પીણા પીવા માટે લોકો દોડધામ કરતા હોય છે આમ રાજુલા માં અત્યારે તો દહીંની લસ્સી અને માટલા ગુલ્ફી માટે બપોર અને રાત્રીના ગ્રાહકોની પડા પડી જોવા મળે છે

### સફાઇ કામદારોના પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવા

## બગસરામાં સફાઇ કામદારો દ્વારા ચીફઓફિસરને આવેદન અપાયું

### ૧૪ જેટલા પ્રશ્નોનું નિવારણ લાવવા પાલિકાના ચીફઓફિસરને સફાઇ કામદારો દ્વારા આવેદન પત્ર પાઠવી ધારદાર રજુઆત કરાઇ



બગસરા, (સમીર વિરાણી) બગસરા માં સફાઈ કામદારો દ્વારા પાલિકા કચેરી ખાતે ચીફ ઓફિસર ને આવેદન આપવામાં આવ્યુ હતું આ આવેદન પત્ર માં સફાઈ કામદારો ની ૧૪ જેટલી સમસ્યા ઓ પર તત્કાલ અમલવારી કરવામાં આવે તેવી માંગ સાથે આવેદન આપવામાં આવેલ છે. બગસરા માં ૫૦ વર્ષ જૂનું સેટઅપ પ્રમાણે શહેર માં વસ્તી વધતા નવા સફાઈ કામદારો ની ભરતી કરવામાં આવે અને સફાઈ કામદારો ની ભરતી ની જાહેરાત અવાર નવાર આવવા છતાં નવા કર્મચારી ની ભરતી કરતા નથી ૧૫ થી ૨૦ વર્ષ વિતી ગયા છતાં યુનિફોર્મ આપવામાં આવેલ નથી સરકારશ્રીના પરિપત્ર મુજબ તારીખ ૧/૧૦/૨૦૨૩ થી ૨૧,૧૦૦ જેટલું વેતન ચૂકવવાનું હોય તે હજી સુધી ચૂકવાયેલું નથી તેનું વેરિયેશન ને એરિયસ ઝડપથી આપવા પાંચથી સાત વર્ષ થયા દિવાળી બોનસ અપાયેલ નથી તે તત્કાલ આપવા વિનંતી સફાઈ કામદારોને સાવરણો તથા સલામતી ના સધની અપતા નથી તે દર માશે આપવા સફાઈ કામદારોનું હાઈકોર્ટ ની ગાઈડલાઈન મુજબ ડબલ કામગીરી આપવાની મનાઈ હોવા છતાં ગાઈડ લાઈન નું પાલન ન કરવી કામગીરી કરાવવામાં આવે છે તે બંધ કરવી રોજમદાર સફાઈ કામદારો તેમજ કાયમી કર્મચારી એક દિવસ રજા પાડે તો ત્રણ દિવસનો પગાર કાપવામાં આવે છે તે બંધ કરવો સફાઈ કામદારો જો કોય અન્ય કારણોસર રજા પાડવામાં આવે તો સુપરવાયજર દ્વારા કાલથી કમે ના આવતા જેવી ધમકી આપવામાં આવે છે તે બંધ કરવી અને આવા સૂપર વાયજર ઉપર તત્કાલ કાર્યવાહી કરવી જેવી અલગ અલગ માગણી ઓ સાથે ચીફ ઓફિસર ભાવનાબેન ને આવેદન આપવામાં આવેલ હતું ત્યારે ચીફ ઓફિસર દ્વારા આ તમામ માગણી ઓ અને આપના પ્રશ્નોનું તત્કાલ નિવારણ કરવામાં આવશે તેવા મીઠા જવાબ સાથે સફાઈ કામદારો એ આપેલ આવેદન સ્વીકારેલ હતું.

## કુંડલાનાં ઘનશ્યામનગરમાં ૧૦૮ની ટીમે વાડીમાં જ પ્રસૂતિ કરાવી માતા અને બાળકનો જીવ બચાવ્યો

### દર્દીના લોહી ના ટકા પણ ઓછા હતા જેની દર્દીને પણ ખ્યાલ ન હતો, ઝેરી કમળો હોય તેવું રિપોર્ટ બાદ સામે આવ્યું



અમરેલી,

ગુજરાત સરકાર દ્વારા કાર્યરત અને ઇ.એમ.આર.આઇ. ગ્રીન હેલ્થ સર્વીસ દ્વારા સંચાલિત ૧૦૮ ની સેવાને અમરેલી જિલ્લા સાવરકુંડલા તાલુકાના ઘનશ્યામ નગર ગામ ના વાડી વિસ્તાર નો એક કેસ રાજુલા ૧૦૮ એમ્બ્યુલન્સ ને મળ્યો હતો માં પરપ્રાંતીય મધ્યપ્રદેશ થી મજૂરી કામ અર્થે આવેલા હતા અને જે માતા ગર્ભાવસ્થાના પુરા ૯ મહિના થઈ ગયા હતા અને જરુરી કાગળો પણ હાજર ન હતા, એવામાં પ્રસૂતિ ની પીડા ઉપાડતા જે થી કોલર દ્વારા ૧૦૮ નંબર પર કોલ કરવામાં આવ્યો અને આ કેસ રાજુલા ની ૧૦૮ એમ્બ્યુલન્સને સાંજના કલાકે કેસ મળતા ની સાથે ૧૦૮ ની ટીમ ઘટના સ્થળે જવા રવાના થઈ ગઈ હતી. એમ્બ્યુલન્સ વાડી સુધી જઈ શકે તેમ ન હતી જેથી ૧૦૮ ના સ્ટાફ દ્વારા ચાલી ને દર્દી સુધી વાડી વિસ્તાર માં પહોંચ્યા હતા ત્યાં પહોંચી દર્દીની તપાસ કરતા જાણવા મળ્યું કે માતા ને પ્રસૂતિ પ્રસવ પીડા હોવાથી વાડી મા જ પ્રસૂતિ થઈ ગઈ હતી જેથી રાજુલા ના ઈએમટી લાલજી વેગડ દ્વારા સ્થળ પર જ બધી તપાસ કરી પ્રાથમિક સારવાર આપી પરંતુ દર્દી આવી ગંભીર હાલતમાં પણ દર્દી હોસ્પિટલ જવા માગતું ન હતું જેથી ૧૦૮ ના સ્ટાફ દ્વારા તેમને સમજાવવામાં આવ્યા અને માતા અને ને ૧૦૮ એમ્બ્યુલન્સમાં લઈ અને ૧૦૮ ના કોલ સેન્ટર પર ઉપસ્થિત ઉપરી ફિઝિશિયન ડોક્ટર સાથે વાતચીત કરી અને તેમની સલાહ મુજબ માતા ને ઈન્જેકશન, બાટલા અને ઓક્સિજન આપ્યું અને બાળકને જરુરી પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી અને પાયલોટ ગીરીશભાઈ સોંધરવા દ્વારા સમયસૂચકતા વાપરી દર્દીને રાજુલા સરકારી હોસ્પિટલ ખાતે પહોંચાડવામાં આવ્યા, જરૂરી રિપોર્ટ કરતા માતા ને ઝેરી કમળો છે એવું સામે આવ્યું અને લોહીના ટકા ૫.૩ ગ્રામ જ હોવાથી વધુ સરવાર અર્થે સરકારી હોસ્પિટલ સાવરકુંડલા ખાતે ૧૦૮ માં જ રીફર કરવામાં આવ્યા હતાં આમ અમરેલી જિલ્લાના રાજુલા ૧૦૮ ની ટીમ દ્વારા સમયસર માતા અને બાળકને સારવાર આપી ત્વરિત હોસ્પિટલ પહોંચાડી અને બાળક નો જીવ બચાવવામાં આવ્યા હતો અને રાજુલા ૧૦૮ ની ટીમ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી હતી તેમજ આ કામગીરી બદલ ૧૦૮ ના અધિકારી દ્વારા તેમને બિરદાવામાં આવ્યા હતા.

## અમરેલીમાં એઆરટીઓ દ્વારા નવી સીરીઝ માટે ઇ-ઓક્શન પ્રક્રિયામાં સુધારો કરાયો

### વાહન માલિકોએ ભાગ લેવા માટે અરજી કરવા અનુરોધ કરાયો

અમરેલી,

અમરેલી આરટીઓ દ્વારા મોટરકાર નં.જીજે૧૪બીજી સિરીઝમાં ૦૦૦૧ થી ૯૯૯૯ નંબરો માટે ઇ-ઓક્શનની પ્રક્રિયામાં સુધારો કરેલ છે. ઇ-ઓક્શન માટે ઓનલાઇન અરજી કરવા તા.૨૫-૫-૨૪ ૧૬:૦૦ કલાકથી તા.૨૮-૫-૨૪ ૧૬:૦૦ કલાક સુધી ઓનલાઇન અરજી કરી શકાશે. ઇ-ઓક્શનમાં બીડીંગ કરવા માટે તા.૨૮-૫-૨૪ સમય ૧૬:૦૦ કલાકથી ૩૦-૫-૨૪ સમય ૧૬:૦૦ કલાક સુધી કરી શકાશે. ઇ-ઓક્શનનું પરિણામ ૩૦-૫-૨૪નાં રોજ જાહેર થશે. ઓનલાઇન ઓક્શનમાં ભાગ લેનારે () પર ઓનલાઇન નોંધણી, યુઝર આઇડી, પાસવોર્ડ તૈયાર કરવા હરરાજીની પ્રક્રિયામાં ભાગ લેવો., ચુકવણું કરવું અને વાહન નંબર મેળવવો એ માટેની વિગતો અને સુચનાઓ એપેન્ડીક્ષ એ માં આપેલ છે.

વાહન ખરીદીમાં સાત દિવસની અંદર ઓનલાઇન સીએનએ ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે હરરાજીની પ્રક્રિયા પુર્ણ થયાનાં પાંચ દિવસની અંદર નાણાં જમા કરાવવાનાં રહેશે. અરજદાર નિયત સમય મર્યાદામાં નાણા ચુકવવામાં નિષ્ફળ જાય તો ભરેલી રકમ જપ્ત કરી ફરીવાર હરરાજી કરવાની રહેશે. ઓનલાઇન ઓકશન દરમિયાન અરજદારે આરબીઆઇ દ્વારા નક્કી કરેલ દરે ચાર્જ ચુકવવાનો રહેશે. હરરાજીમાં નિષ્ફળ ગયેલા અરજદારને પરત નાણાની ચુકવણી પાંચ દિવસમાં ભરપાઇ કરવા માટે એસએમએસ કે ઇમેઇલથી જણાવવામાં આવશે. હાલની પધ્ધતિ પ્રમાણે નાણાં પરત કરવાનાં રહેશે એટલે કે નેટ બેકીંગ, ક્રેડીટકાર્ડથી ચુકવણું કર્યુ હોય તેજ મોડથી નાણા અરજદારનાં તે જ ખાતામાં એસબીઆઇ ઇ-પેમેન્ટ દ્વારા પરત કરવામાં આવશે. આ હેતુ માટે ઓનલાઇન એમઆઇએસથી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી બેન્કને જાણ કરવાની રહેશે. ઇ-ઓકશનમાં ભાગ લેવા માટે વિડીયો યુટ્યુબમાં ઇ ઓકશન આરટીઓ ગુજરાત સર્ચ કરવાથી વિડીયો મેળવી શકાશે તેમ જ વધુમાં ઇનવોઇસ અથવા વીમાની તારીખ બે માંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલીકો જ ઓકશનમાં ભાગ લઇ શકશે. વધુ માહિતી માટે કચેરીનાં હેડ કલાર્કનો સંપર્ક કરવા સહાયક પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારી અમરેલી દ્વારા જણાવાયું છે.

### અમરેલીના જમાઇ અને અમદાવાદ સ્થિત સેવાભાવી શ્રી પ્રદિપભાઇ મોદીનું અભિવાદન

## અમરેલી શ્રવણ પ્રસાદ કેન્દ્ર દ્વારા સેવાભાવીનું સન્માન

### અમરેલીની દિકરી ઉષ્માબેન મોદીએ પણ સંસ્થાને આર્થિક મદદ કરેલી આમ મોદી પરિવારને સન્માનિત કર્યા



અમરેલી,

અમદાવાદ સ્થિત આદરણીય સેવાયજ્ઞી શ્રી પ્રદિપભાઈ કે. મોદીએ તેમણે વિવિધ સેવાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. તેઓએ વિવિધ સંસ્થાના માનનીય હોદાઓ પર સેવા આપેલ છે. જેમ કે મેમ્બર એમએસએમઈ ગુજરાત ચેપ્ટર, મેમ્બર ફાઈનાસ કોમીટી ગુજરાત ફોરેન્સ યુનિર્વસીટી પેસીડન્ટ, ફાઉન્ડર ટ્રસ્ટ જસ્ટીજ ઓન ટ્રાયલ ગુજરાત વગેરે પદો પર સેવા આપેલ તેઓ દ્વારા શ્રવણપ્રસાદ સેવા કેન્દ્ર અમરેલીની ઓડીટ તથા કાયદાકીય બાબતોને ધ્યાને લઈ ઓડીટ પારા કિલીયર કરવામાં ખુબજ મોટો સહયોગ આપેલ તેમની ઓફિસ સ્ટાફના શ્રી પ્રજાપતિ હેમલભાઈ મહેશભાઈ, શ્રી વિરાજભાઈ વિપુલભાઈ શાહ શ્રી અપ્રિતભાઈ દોશી વગેરે ખુબજ જહેમત ઉઠાવેલ તે બદલ શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર તઓશ્રીનુ સન્માન તથા અભિવાંદન કરતા આનંદ અનુભવે છે તેમજ માનનીય સેવાયજ્ઞી શ્રી પ્રદિપભાઈ કે. મોદી અમરેલીના જમાઈ પણ થાય, અમરેલીની દિકરી ઉષ્માબેન મોદી એ આ સંસ્થાને આર્થીક મદદ પણ કરેલ, આવી અમરેલીની ઘણી દિકરીઓ વડીલ વંદના સ્વરૂપે હરહમેશ આ સંસ્થાની ચિંતા કરતા હોય છે જે આપણા સૌનું ગોરવ છે.

## અમરેલીમાં બાળકોના રસીકરણ અંગે બેઠક મળી

### તમામ બાળકોને રસીકરણમાં આવરી લેવાશે : કલેકટરશ્રી અજય દહિયા

અમરેલી,

અમરેલી જિલ્લા કલેકટરશ્રી અજય દહિયાના અધ્યક્ષસ્થાને અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યાની ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લા આરોગ્ય શાખાની વિવિધ સમિતિઓની બેઠક યોજાઇ હતી. તેમાં બાળકોને રસીકરણ અભિયાન હેઠળ આવરી લેવા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા સંચારી રોગ સર્વેક્ષણ અને સંકલન સમિતિ, જિલ્લા ટાસ્કફોર્સ ઇમ્યુનાઇઝેશન (રસીકરણ) અને રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ હેઠળ જિલ્લા કક્ષાની તમાકુ નિયંત્રણ સ્ટીયરીંગ સમિતિની બેઠક યોજાઇ હતી. એપ્રિલ-૨૦૨૩ થી માર્ચ-૨૦૨૪ દરમિયાન તેમજ એપ્રિલ-૨૦૨૪ થી મે-૨૦૨૪ ની આજદિન સુધી કરવામાં આવેલ રસીકરણની કામગીરીની વિગતો રજૂ કરવામાં આવી હતી. રસી મેળવવાના બાકી હોય તેવા બાળકોના રસીકરણની કામગીરી પૂર્ણ કરવા, ફિલ્ડ પરના સર્વે વધારવા, રસીકરણને લગતી કામગીરી ઘનિષ્ઠ રીતે કરવા, જન્મ તારીખ અનુસાર રસી બાકી હોય તેવા અને રસી મેળવી લીધી હોય તેવા બાળકોની યાદી મુજબ તે વિગતોને ધ્યાને લઇ ઘટતું થઇ શકે તો જોવા અમરેલી જિલ્લા કલેકટરશ્રીએ સૂચના આપી હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ, આગામી સમયમાં બાળવાટિકા, આંગણવાડી અને શાળાઓમાં હાથ ધરવામાં આવનાર સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ વિશેની વિગતો જણાવી હતી. ભારત સરકારની સૂચનાઓ અનુસાર કાર્યવાહી હાથ ધરી તે અંગેની ડેટા એન્ટ્રીની કામગીરી કરવામાં આવશે.

